

જેમાં અતિથિ વિશેષ તરીકે આ વિસ્તારના કોર્પોરેટર રમેશભાઈ માજીરાણા અને આમંત્રિત મહેમાન તરીકે બી.કે.ન્યૂઝ દૈનિકના તંત્ર તપનભાઈ જયસ્વાલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોનું આયોજક મિત્રો દ્વારા પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આમંત્રિત મહેમાન તરીકે ઉપસ્થિત બી.કે.ન્યૂઝ દૈનિકના તંત્રી તપનભાઈ જયસ્વાલે સોસાયટીમાં રહેતા લોકોના પરસ્પર પ્રેમ અને ભાઈચારાની ભાવનાની કદર કરી આ વિસ્તારની કોઈપણ સમસ્યા હોય તો જાગૃત નગર સેવક રમેશભાઈ માજીરાણાનું ધ્યાન દોરવા તેમજ તંત્ર લોકોની રજુઆતો ન સાંભળતું હોય તો મિડીયાના સહારે સમસ્યાનો ઉકેલ મેળવવા અનુરોધ કરી પોતાને આમંત્રિત કરવા બદલ આયોજક મિત્રોનો આભાર માન્યો હતો. અને ગોગા મહારાજની કૃપાથી સુંદર કાર્યો કરવા બદલ સોસાયટીના પ્રમુખ ઉપપ્રમુખ અને વડીલોને બિરદાવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા સોસાયટીના પ્રમુખ વિરેન્દ્રકુમાર અને ઉપપ્રમુખ હિતેશભાઈ ગેલોત સહિત સોસાયટીના યુવાનો, વડીલો અને ધર્મપ્રેમી નાગરીકોએ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે ભોજન પ્રસાદનું પણ આયોજન કરાયું હતું. મોડી રાત સુધી ભુવાજીઓએ ગોગા બાપાના ગુણગાન ગાઈ ભક્તોને આશિર્વાદ પાઠવ્યા હતા. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

# બનાસકાંઠામાં પ્રથમવાર ભાજપ-કોંગ્રેસના ઉમેદવાર ચૌધરી હોઈ ચૂંટણી રસપ્રદ

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠા લોકસભા ચૂંટણીનો પ્રચારાત્મક તબક્કો હવે શરૂ થયો છે. આઝાદી બાદની આ પ્રથમ એવી લોકસભાની ચૂંટણી છે જેમાં જિલ્લાની મુખ્ય એવી ચૌધરી જ્ઞાતીના જ ઉમેદવારો મુખ્ય પક્ષોના ઉમેદવાર તરીકે સામસામે આવ્યા છે. ભાજપે ચૌધરી સમાજના જ હરિભાઈ ચૌધરીને છઠ્ઠીવાર ઉમેદવાર બનાવ્યા છે. જ્યારે કોંગ્રેસે પ્રથમવાર જોઈતારામ પટેલ ચૌધરી ઉમેદવારને લોકસભાની ટીકીટ આપી છે. આ બે મુખ્ય ઉમેદવારો સામે અપક્ષ બબાજી ઠાકોર ઠાકોર મતો ઉપર આધાર છે. જ્યારે આપના સંજય રાવલ બ્રાહ્મણ મતો ઉપર આધાર છે. વાસ્તવમાં બ્રાહ્મણ સમાજ જ એવો છે કે જે કોઈપણ એક પક્ષ જેની વિચારધારામાં માનતો હોય તેને જ મત આપતો હોય છે.

અત્યાર સુધીમાં ભાજપના ચૌધરી ઉમેદવાર હરીભાઈને ધાનેરા વિધાનસભા ક્ષેત્રમાંથી ૨૦થી ૨૫ હજારની સરસાઈ મળતી હતી. હવે તેજ ધાનેરા મત ક્ષેત્રમાંથી ધારાસભ્ય એવા જોઈતારામ પટેલ કોંગ્રેસના ઉમેદવાર છે ત્યારે ભાજપને લીડ મળશે કે ઘટ પડશે તે ૧૬મી મે એ જ જાણી શકાશે. ભાજપ પક્ષે પુરષોત્તમ રૂપાલા અને આનંદીબેન પટેલ સંમેલનો અને સભાઓ યોજી ચુક્યા છે જ્યારે કોંગ્રેસ પક્ષે હજુ સુધી કોઈ મોટા ગજાના નેતા પ્રચારમાં આવ્યા નથી. વિધાનસભા ક્ષેત્ર દીઠ પાર્ટીઓએ તેમના ચૂંટણી કાર્યાલયોની શરૂઆત કરી દીધી છે. પરંતુ આમ જનતામાં હજુ સુધી ચૂંટણીનો કોઈ જ માહોલ જામ્યો નથી. જો કે ૪૦ ડીગ્રીએ તપતા બનાસકાંઠા જિલ્લામાં કચ્છના રણમાંથી આવતા ગરમ પવનોની લૂ પણ આ નિરસતા માટે કારણભૂત છે.

# સાબરકાંઠા જિલ્લામાં ૧૫ આદર્શ મતદાન મથકો

## મતદારોને મત આપવા નિમંત્રણ અપાશે : કલેક્ટર

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર બંછાનિધિ પાનીએ હિંમતનગરના મહેતાપુરા વિસ્તારના આદર્શ મતદાન મથકની મુલાકાત લઈ મતદારોને મતદાન કરવા અપીલ કરતા જણાવ્યું હતું કે, મતદારોમાં ચૂંટણી -ક્રિયા -તિ વિશ્વાસ પેદા થાય અને મતદાન કરવા રાય એ હેતુથી ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શન અનુસાર



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ગુજરાતમા આદર્શ મતદાન મથક (મોડેલ પોલીંગ સ્ટેશન)ની પરિકલ્પના મૂર્તિમંત કરવામાં આવી છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં આદર્શ મતદાન મથકો ભા કરવામાં આવ્યા છે. જે પૈકી ૭ ગ્રામ્ય વિસ્તારોમાં અને ૮ શહેરી વિસ્તારોમાં આદર્શ મતદાન મથકો ભા કરવામાં આવ્યા છે. જયા મતદારોને મત આપવા માટે નિમત્રણ આપવામાં આવશે.

આદર્શ મતદાન મથકો વિશે વિગતવાર જાણકારી આપતા કલેકટરશ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યુ હતુ કે, વ્યવસ્થા આદર્શ મતદાન મથકોમાં સુનિશ્ચિત કરવામાં આવે છે.

જયાં મોડલ પોલીગ સ્ટેશન સ્થાપવાનું નિયત કરવામાં આવેલુ હોય તેવા પોલીગ સ્ટેશન કે પોલીગ સ્ટેશન લોકેશનના મકાનની બહાર તેમજ અંદર એક સરખો સફેદ રંગ લગાવવામાં આવશે તેમજ પોલીગ સ્ટેશન પર પોલિંગ સ્ટેશનનું સ્થળ, વિધાનસભા મત વિભાગનું નામ, લોકસભા મતવિભાગનું નામ વગેરે દર્શાવતું બોર્ડ ચૂંટણી પંચના ચિન્હ સાથે મૂકવામાં આવશે.

મતદાન મથકના -વેશ દ્વાર પર આદર્શ મતદાન મથક 'Model Polling Station' બોર્ડ , પોલીગ સ્ટેશન પર પહોંચવાના રસ્તા પર વિવિધ સ્થળે ફ્લેક્ષ અથવા સોફ્ટ પ્લાસ્ટિકમાં વાદળી અને સફેદ રંગમાં તૈયાર કરેલ દિશાસૂચક બોર્ડ (Signage), મતદાન મથકમાં -વેશતાં બુથ ઉપર પીવાના પાણી, શૌચાલય સુવિધા વગેરે સૂચવતા દિશાસૂચક બોર્ડ (Signage) મુકવામાં આવશે. તેમજ પોલીગ સ્ટેશનની અંદર પૂરતો -કાશ મળી રહે તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, પાવર બેકઅપ માટે ઈમરજન્સી લાઈટની વ્યવસ્થા આ મતદાન મથક ઉપર રહેશે.

પોલીગ સ્ટેશનમાં શૌચાલયની વ્યવસ્થા તથા તે સ્વચ્છ રાખવા અને તેમાં સતત પાણીની વ્યવસ્થા પૂરી પાડવા માટે મતદાનના દિવસે અને તેના આગલા દિવસથી સફાઈ કામદારની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામા આવી છે, પોલીગ સ્ટાફ માટે સારી ગુણવત્તાવાળું ફર્નિચરની વ્યવસ્થા ગોઠવવામા આવશે.,મત કુટિર (Voting compartment) સારી વ્યવસ્થામાં તથા મત કુટિરના આગળના ભાગ તથા મતદાર મતકુટિરમાં -વેશ કરે તેની બે બાજુએ ચૂંટણી પંચના ચિહ્ન સહિત મત કુટિર લખેલુ સફેદ કાગળથી તે કવર કરવામાં આવશે મતદારોએ નૈતિકતાપૂર્વક કરવાના મતદાન અંગેની -તિજ્ઞા મતદારની સામે રહે તે રીતે મતદાન કુટિરમા લગાવવામાં આવશે ,પોલીગ સ્ટેશનની બહારના ભાગે મતદાર સહાયતા બુથની વ્યવસ્થા રાખવામાં આવનાર છે. આ બુથ પર ડિસ્પ્લે બોર્ડ મૂકવામા આવશે, બુથ લેવલ ઓફિસર આ સ્થળે ન વિપરીત થયેલી સ્લીપ તેમજ કક્કાવારી મુજબ મતદાર યાદી સાથે હાજર રહેશે.

'May I Help you' હેલ્પ ડેસ્કની વ્યવસ્થા સાથે બુથ લેવલ ઓફિસર અને વધુ એક વ્યક્તિને સેવામાં રાખવામાં આવનાર છે. જે મતદારોને જરૂરી માર્ગદર્શન અને સહાયતા આપશે. આ માટે યોગ્ય ખુરશી, ટેબલની વ્યવસ્થા રાખવામાં આવશે, મતદાર સહાયતા બુથ પર મતદાન મથક પર મતદારોએ શું કરવું અને શું ન કરવું તેની વિગતો દર્શાવી હશે, મતદારો મતદાન કરવા માટે કતારમાં ભા રહે ત્યારે સ્ત્રીઓ અને પુરુષો માટે અલગ અલગ લાઈન માટે આડશ અથવા અન્ય કોઈ -કારે લાઈન મેનેજમેન્ટ માટેની વ્યવસ્થા કરવામાં આવશે, અશક્ત અને બિમાર તથા મોટી ઉંમરના મતદારો માટે વ્હીલ-ચેર (ષ્ફૂફૂશ્ર દર્ીજ્ઞશ્ચ) પણ ઉપલબ્ધ રાખવામાં આવશે, મતદાન દરમિયાન કોઈપણ મતદારને



અચાનક તકલીફ ભી થાય તેવા સંજોગોમાં તેમને બેસવા માટે મતદાન મથકની અંદર તેમજ બહાર ખુરશીઓ ઉપલબ્ધ કરાશે, મતદારો માટે પર્યાજ્ઞ શેડની વ્યવસ્થા રાખવામાં આવશે, દરેક મતદાન મથક ઉપર રેમ્પની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવશે.

મતદાન મથકે આવતા મતદારોને પીવાના પાણી માટે ડિસ્પોઝીબલ ગ્લાસ તથા ઉપયોગમાં લેવાયેલા ગ્લાસ માટે ડસ્ટબીનની વ્યવસ્થા પણ ઉપલબ્ધ હશે, અશક્ત, વિકલાંગ, દ્દષ્ટિહીન, બિમાર, Pregnant Women તેમજ સિનિયર સિટીઝનને મતદાન માટે અગ્રતા આપવામાં આવશે. એક પુરૂષ મતદાર પછી બે મહિલા મતદારોને મતદાન મથકમાં મત આપવા જવા દેવામાં આવશે.

જો કે આ વ્યવસ્થા જિલ્લાના દરેક મતદાન મથક ઉપર કરવામાં આવશે, મતદાન મથકે ફર્સ્ટ એઈડ સાધનો ઉપલબ્ધ રાખવા તથા ચૂંટણી અધિકારી અને કલેકટર બંછાનિધિ પાનીએ હિંમતનગરના મહેતાપુરા વિસ્તારના આદર્શ મતદાન મથકની મુલાકાત લઈ ઉભી કરાયેલી સુવિધાઓનું નિરીક્ષણ કર્યુ હતું, આ -સંગે અધિક કલેકટર એસ.ડી.ધનાણી, -ાંત અધિકારી એમ.કે.વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

### સાબરકાંઠા જિલ્લામાં ઉભા કરાયેલા આદર્શ મતદાન મથકો

| ક્રમ | મતદાન મથક | શહેરી વિસ્તાર | ગ્રામ્ય વિસ્તાર |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | મહેતાપુરા અને છાપરીયા -નથમિક શાળા | ગઢોડા |
| ૨ | ઈડર | શહેરી -નથમિક શાળા | સાપાવાડા |
| ૩ | વડાલી | શહેરી -નથમિક શાળા | થેરાસણા |
| ૪ | ખેડબ્રહ્મા | શહેરી -નથમિક શાળા | મટોડા |
| ૫ | -ાંતિજ | ઉદ્દ -નથમિક શાળા | કમાલપુર |
| ૬ | તલોદ | શહેરી -નથમિક શાળા | મહિયલ |
| ૭ | વિજયનગર | -- | સારોલી |
| ૮ | પોશીના | -- | દંત્રાલ |

# ડીસામાં આદર્શ મતદાન મથકમાં મતદાન માટે જિલ્લા ચૂંટણી અધિકારીનું નિમંત્રણ

ડીસા, તા. ૧૭

દેશમાં જયારે લોકસભા ૨૦૧૪ની ચૂંટણીઓ યોજાઈ રહી છે ત્યારે ગુજરાતમાં ૩૦મી એપ્રિલના મતદાન 'દિવસ'ને તમામ મતદારો એક પર્વની જેમ ઉજવી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા મોટી સંખ્યામાં આગળ આવે તે માટેનાં વિવિધ એન.જી.ઓ. અને જાગૃત આગેવાનો દ્વારા અનેકો વિધ જાહેરાત અને અપીલ કરાઈ રહી છે.

જેમાં રાજ્ય ચૂંટણી કમિશનરની સૂચનાએ હવે વહીવટી તંત્ર પણ જોડાતા બનાસકાંઠા કલેક્ટર અને ચૂંટણી અધિકારી મહેન્દ્રભાઈ પટેલે એક નવતર પ્રયોગે લોકોને 'મતદાન મહાદાન'નો મહિમા સમજાવી મતદાન દિવસે મતદાન કરવા પત્રિકા સ્વરૂપે નિમંત્રણ પાઠવેલ છે. એટલું જ નહી તેમણે ડીસા ખાતે આવેલ દાંતીવાડા સરકારી વસાહત ખાતેના મતદાન મથક-૨૩૩ અને ૨૩૪ ખાતે આદર્શ મતદાન મથક બનાવેલ છે કે શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા, પાવર બેકઅપ, મતદાન લગતી તમામ બાબતોની માહિતી તેમજ ફસ્ટ એડ સાધનો વૃદ્ધ અને અશક્ત વ્યક્તિ માટે વ્હીલ ચેર, અશક્ત, વિકલાંગ, દ્દષ્ટિહીન, બીમાર, પ્રસુતા તેમજ સીનીયર સીટીઝન માટે અલગથી વ્યવસ્થા જેવી અનેક વિધ વ્યવસ્થા રાખવામાં આવશે. આમ જિલ્લા ચૂંટણી અધિકારી બનાસકાંઠા દ્વારા અનેકો પ્રયત્નોએ વધુમાં વધુ લોકો લોકશાહીના આ મહાપર્વને મતદાન થકી ઉજવવા આગળ આવે તેવા શ્રેષ્ઠ પ્રયત્નો કરાયેલ છે.

## સાબરકાંઠા-અરવલ્લીમાં મતદારોમાં ઉત્સાહનો અભાવ

ગુજરાતમાં ૨૬ લોકસભાની બેઠકો માટે ૩૦મી એપ્રિલે મતદાન યોજાનાર છે. હવે મતદાનને આડે ૧૩ દિવસ બાકી છે ત્યારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના મતદારોમાં કોઈ ઉત્સાહ જણાતો નથી. ગુજરાતમાં આગામી ૩૦મી એપ્રિલએ ૨૬ બેઠકો માટે મતદાન યોજાનાર છે. તમામ રાજકીય પક્ષો એ ચૂંટણી પ્રચાર શરુ કરી દીધા છે પરંતુ હજુ કોઈ મતદારોમાં પણ ઉત્સાહ જોવા મળતો નથી. આ વખતની લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસમાંથી શંકરસિંહ વાઘેલાએ ઉમેદવારી નોંધાવી છે. ત્યારે ભાજપે પણ આ જિલ્લાની વસ્તીને ધ્યાનમાં રાખી ક્ષેત્રિય ઉમેદવાર દિપસિંહ રાઠોડને ટિકિટ આપી મેદાનમાં ઉતાર્યા છે. સાબરકાંઠામાં લોકસભાની ચૂંટણીમાં બંને ઉમેદવારો ધૂળિયા માર્ગો ખૂંદી ગામે ગામ ખાટલા પરિષદો યોજી મતદારોને પોતાની તરફ આકર્ષવા પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ ચૂંટણીમાં મતદારોનો ઉત્સાહ હજુ જેવો જોઈએ તેવો દેખાતો નથી.

# બોડાલમાં ૮૦ વર્ષથી ચૈત્ર સુદ અગિયારસથી પુનમ સુધી જળવાઈ રહેલી ભવાઈની પરંપરા

## જોગમાયા યુવા મંડળ દ્વારા ભવાઈ યોજાય છે

ડીસા, તા. ૧૭

ગામે-ગામ ભવાઈ કરી આજીવિકા રળતા તુરી તરગાળા અને નાયક પરીવારોએ પરંપરાગત ધંધો છોડી અન્ય વ્યવસાય અપનાવતા એક સમયે ગામના ચોગાનમાં ભરાતો નાટક મંડળીનો દરબાર હવે



અદ્રશ્ય થઈ ગયો છે. પરંતુ કેટલાક ગામોમાં આજે પણ માતાજીની શ્રધ્ધાનો લઈને ભવાઈ મંડળીઓ જળવાઈ રહી છે. જેમાં ડીસા તાલુકાના ભીલડીથી છ કિમીના અંતરે બનાસ નદીના કિનારે આવેલ બોડાલ ગામે જોગમાયા યુવક મંડળ અને ક્ષત્રિય સમાજના ભાઈઓ દ્વારા છેલ્લા ૮૦ વર્ષથી માતાજીના જાતરના ભાગરૂપે રાત્રે ચોગાનમાં ભવાઈ યોજાય છે. ચૈત્ર સુદ અગિયાર સુધી ચાચર ચોકમાં ભવાઈનો રંગ જામે છે. જ્યાં વિવિધ નાટકો જોવા ગ્રામજનો તેમજ આજુબાજુના ૫૦ ગામોની જનતા ઉમટી પડે છે.

બોડાલમાં બનાસનદીના તટે બિરાજમાન જોગમાયા જાતરના ભાગરૂપે જોગમાયા યુવક મંડળ દ્વારા ભવાઈનું આયોજન કરાય છે. જેમાં રા માંડલિક, વીરમાંગડા વાળા, રાખેંગાર રાણકદેવી, અભિમન્યુ ચક્રવ્યુહ, રાનવધણ, માતાજીના ગરબા તેમજ સોસતા પટેલ જેવા નાટકોમાં વીર, ચંદ્ર, કરૂણ, હાસ્ય, શૃંગાર જેવો રસો દ્વારા દર્શકો ભરપુર મનોરંજન મળે છે. જેમાં પૂર્વ સરપંચ સુખાજી સોલંકી, ચાલુ સરપંચ અજુજી કાળુજી, ગોવજીરામ મહારાજ, દલસાજી રાધુજી સોલંકી, તેજાજી વશરામજી સોલંકી, બાબુજી અજુજી સોલંકી, ભુરાજી કાળુજી સોલંકી, ભાલુજી બાબુજી (રીક્ષા ચાલક), પોપટભાઈ નાઈ, લાડજી રવાજી, નાનજી સોલંકી, બળવંતજી ગંભીરજી સોલંકી, લાડજી રવાજી, નાનજી સોલંકી, બળવંતજી ગંભીરજી સોલંકી, બદાજી સરૂપજી, ધુંખજી મલાજી, દશરથજી સરદારજી સહિતના કલાકારો દ્વારા વિવિધ પાત્રોને તન્મયતાથી ભજવવામાં આવે છે. આ બાબતે જોગમાયા યુવક મંડળના ગોવજી મહારાજે જણાવ્યું હતું કે માતાજીના પરચા અપાર છે. સાચા દિલથી માતાજી પ્રત્યે શ્રધ્ધા રાખનાર શ્રધ્ધાળુઓની ફળીભુત થતા માતાજીની માનતાઓ કરવા દુર-દુરથી શ્રધ્ધાળુઓ આવે છે.

### માતાજી પ્રત્યેની શ્રધ્ધાથી અમે વર્ષોથી નિસ્વાર્થ પાત્રો ભજવીએ છીએ : પૂર્વ સરપંચ

આ બાબતે બોડાલ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ અને સોલંકી ક્ષત્રિય સમાજના અગ્રણી સુખાજી સોલંકીએ કહ્યું હતું કે અમે વિવિધ પાત્ર ભજવીએ છીએ તેમાં અમારો કોઈ સ્વાર્થ હોતો નથી. નાટકનું પાત્ર લેનાર વ્યક્તિએ દર વર્ષે અજ પાત્ર ભજવવાનું રહે છે. ચૈત્ર સુદ અગિયારસથી પુનમ સુધી વિવિધ નાટકો ભજવાય છે. જ્યારે એકમના રોજ વહેલી સવારે રામ રાવણના યુધ્ધનું નાટક ભજવાય છે. જેને નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે.

## ધનસુરાના બાઈકચાલક યુવાન સાથે રોઝ અથડાતા ઘાયલ

ધનસુરા, તા. ૧૭

મોડાસા ભિલોડા માર્ગ પર આજે એક વાહનચાલકને રોઝે અડફેટે લેતા વાહનચાલક યુવાન ચાલુ બાઈકે માર્ગ પર પટકાતા ગંભીર ઈજાઓ થવા પામી હતી. આથી સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા તાલુકાના મૂળ વતની અને ૪૦ વર્ષીય શિક્ષક ઈશ્વરભાઈ વાળંદ ભિલોડા તાલુકાના કિશનગઢ ખાતે શાળાએ નોકરી અર્થે જઈ રહ્યા હતા. દરમિયાન મોડાસા-ભિલોડા માર્ગમાં વાહન ચાલક યુવાનની સામે અચાનક રોઝ અથડાતા બાઈકચાલક યુવાન માર્ગમાં પછડાયો હતો. આથી શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. પરિણામે પ્રથમ મોડાસા અને બાદમાં અમદાવાદ સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## ધાનેરા-પાલનપુરમાં આનંદીબેન પટેલનો રોડ શૉ યોજાયો

ધાનેરા, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લામાં ક્રમશઃ ગરમીના પ્રમાણમાં પણ વધારો થઈ રહ્યો છે ત્યારે લોકસભાની ચૂંટણીનો પ્રચાર પણ જામતો જાય છે. આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને પાલનપુર ખાતે મંત્રી આનંદીબેન પટેલે રોડ શૉ અને જાહેરસભા યોજી ચૂંટણી કાર્યાલયોને ખુલ્લા મુક્યા હતા. ધાનેરા ખાતે વિશાળ જનસભા સંબોધતા આનંદીબેન પટેલે નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા ભાજપમાં અચૂક મતદાન કરવા-કરાવવા અનુરોધ કર્યો હતો.

ઉપરાંત પાલનપુર ખાતે બપોરે મહિલા સંમેલનને સંબોધતા આપણા રાજ્યના વિકાસ જેવો દેશનો વિકાસ કરવા ભાજપને લોકસભાની ચૂંટણીમાં જીતાડવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં હરેશ જાની, હરજીવન પટેલ સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો જોડાયા હતા.


(તસવીર : સંજય રાવલ)

પ્રાંતિજના તાજપુર કૂઈ પાસે આવેલા બોરીયા (સીતવાડા) ગામે આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા 'મમતા ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૨૫ થી વધારે નાના બાળકોને રસીકરણ કરવામાં આવ્યું હતું.

## મોડાસામાં સેવાભાવિ સંસ્થાઓ દ્વારા હનુમાન જયંતિની ઉજવણી કરાઈ

ધનસુરા, તા. ૧૭

મોડાસાની જાયયન્ટસ ગૃપ અને મારૂતિ વિકાસ મંડળ દ્વારા વાહન ચાલકોમાં જાગૃતિ લાવવા મોડાસા માર્કેટયાર્ડ ખાતે માર્ગ સલામતિ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રીફલેક્ટર વગરના વાહનો પર રીફલેક્ટર લગાવવામાં આવ્યા હતા. ઉપરાંત સંસ્થાના સભ્યો દ્વારા હનુમાન જયંતિ પ્રસંગે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને ફ્રૂટ અને ચણાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માર્કેટ યાર્ડના ચેરમેન ચંદુભાઈ પટેલ, જાયન્ટસ ગ્રૃપના પ્રમુખ રાકેશભાઈ, મુકુન્દભાઈ શાહ, નવનીતભાઈ પરીખ, પ્રવિણ પરમાર, ભરતભાઈ પરમાર, મારૂતિ વિકાસ મંડળના પ્રમુખ નિલેશભાઈ જોષી સહિત અનેક સ્થાનિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧